આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **09-10-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## રાજ્યમંત્રી-હર્ષ સંઘવી-કચ્છ

રાજ્યમંત્રી હર્ષ સંઘવી આજે કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ સવારે 10 કલાકે પોલીસ હેડક્વાર્ટર, સરપટ નાકા ભુજ ખાતે આયોજિત જાહેર કાર્યક્રમમાં ગુજરાત પોલીસ હાઉસિંગના 144 મકાનોનું લોકાર્પણ, એસ.આર.પી ગ્રુપ-16, ભચાઉ ખાતેથી કક્ષા બી-72ના આવાસોનું ઈ-લોકાર્પણ, ગાગોદર પોલીસ સ્ટેશનનું ઈ-લોકાર્પણ, પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ પરિવાર ગૌશાળા શિણાય-ગાંધીધામનું ઈ-ખાતમૂહુર્ત, નારાયણ સરોવર બસ સ્ટેશનનું ઈ-લોકાર્પણ અને અંજાર ડેપો વર્કશોપના કામનું ઈ-ખાતમૂહુર્ત કરશે. આ કાર્યક્રમ બાદ ગૃહ રાજ્યમંત્રી બપોરે માતાના મઢ ખાતે મા આશાપુરાના દર્શન કરશે.

**RNU** અમદાવાદ

---

## રાષ્ટ્રીય ટપાલ સપ્તાહની ઉજવણી

ભુજની હેડ પોસ્ટ ઓફિસમાં રાષ્ટ્રીય ટપાલ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે ફિલાટેલી પર યોજાયેલા સેમિનારમાં રામ જન્મભૂમિ અંગેની સ્ટેમ્પ મૂકવામાં આવી હતી.

ડિપાર્ટમેન્ટ ઑફ પોસ્ટ ઇન્ડિયા દ્વારા 7 ઑક્ટોબરથી 11 ઑક્ટોબર સુધી રાષ્ટ્રીય ટપાલ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. ઉજવણીના ભાગરૂપે ગઇકાલે રોજ ફિલાટેલી ડે નિમિત્તે ભુજ હેડ ઑફિસના પરિસરમાં ફિલાટેલી વિષયક સેમિનારનું આયોજન કરાયું હતું. હેડ પોસ્ટ ઓફિસમાં આવી 50 સ્ટેમ્પ ઉપલબ્ધ કરાવાઇ છે. લોકોને માત્ર સ્ટેમ્પ રૂ.100/-માં ફ્રેમ સાથેની સ્ટેમ્પ રૂ.500/-ના ભાવે આપવામાં આવી રહી છે, જેથી આ સ્ટેમ્પ મેળવવા ઇચ્છુક લોકોને હેડ પોસ્ટ ઓફિસનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

**N.P.\ આરતી ભટ્ટ**

---------------------------------------------------------------------

## ભુજ-નલિયા ટ્રેન

ભુજથી નલિયા સુધીનો રેલવે ટ્રેક બની જતાં મંગળવારે મુંબઇથી આવેલી ટ્રેન નલિયા એરફોર્સ સ્ટેશન સુધી દોડાવીને આ ટ્રેકનું સતત 5મી વખત પરીક્ષણ કરાયું હતું. આ ટ્રેન આજે બુધવારે આખરી પરીક્ષણ સાથે નલિયાથી ભુજ વચ્ચે 120 કિ.મી.ની ઝડપે દોડશે.

મંગળવારે મુંબઈથી નીકળેલી ટ્રેન નલિયા એરફોર્સ સ્ટેશને પહોંચી હતી, જેમાં મુંબઈના અને અમદાવાદના રેલવેના 150 ઉચ્ચ અધિકારીઓએ ભુજ-નલિયા રેલવે ટ્રેક જે મીટર ગેજમાંથી બ્રોડગેજમાં રૂપાંતરિત કરાયું છે, તેનું નિરીક્ષણ કર્યું હતું

**N.P.\ આરતી ભટ્ટ**

---------------------------------------------------------------------------

## ગુજરાતી-ફિલ્મની અભિનેત્રીને પુરસ્કાર

ગુજરાતી ફિલ્મ "કચ્છ એક્સપ્રેસ" માટે અભિનેત્રી માનસી પારેખને શ્રેષ્ઠ અભિનેત્રીનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરાયો છે. નવી દિલ્હી ખાતે યોજાયેલા 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ અભિનેત્રી માનસી પારેખને આ પુરસ્કાર આપ્યો હતો.

સમારોહ દરમિયાન હિન્દી સિનેમાના અભિનેતા મિથુન ચક્રવર્તીને ફિલ્મ જગતના સર્વોચ્ચ એવા દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## દુર્ગાપૂજા-ભુજ

નવરાત્રિ દરમિયાન દુર્ગા પૂજાનું પણ વિશેષ મહત્વ છે. દુર્ગા પૂજાની ઉજવણી નવરાત્રિના છઠ્ઠા દિવસે શરૂ થાય છે અને કે વિજયાદશમી  પર સમાપ્ત થાય છે. આ વર્ષે દુર્ગા પૂજા ગઇકાલથી શરૂ થઇ છે અને 13 ઓક્ટોબરે પૂરી થશે. જિલ્લા મથક ભુજમાં 16 વર્ષથી ભુજ બંગાલી એસોસિએશન દ્વારા ઓપનએર થિયેટરમાં 'દુર્ગા પૂજા મહોત્સવ' ઉજવવામાં આવે છે. દર વર્ષની જેમ છઠ્ઠા નોરતે દુર્ગામા ની મૂર્તિની સ્થાપના થાય છે તથા સાતમ એટલે કે ગુરુવારે તારીખ 10 ઓક્ટોબરે સવારે 9:00 વાગ્યાથી વિવિધ કાર્યક્રમો શરૂ થશે.

**N.P.\ આરતી ભટ્ટ**

---

## તાપમાન વધારો

આસો માસ ચાલી રહ્યો છે તેવામાં ભુજમાં આકરા ઉનાળા જેવી ગરમીએ શહેરીજનોને અકળાવ્યા હતા. મહત્તમ તાપમાનનો પારો બે ડિગ્રી જેટલો ઉંચકાઇને 39.8 ડિગ્રીએ પહોંચતાં જિલ્લા મથકે રાજ્યભરમાં સર્વાધિક ગરમ દિવસ અનુભવાયો હતો. સપ્તાહ સુધી ગરમી જારી રહેવાની સંભાવના વ્યક્ત કરાઇ છે.  ભુજમાં અધિકત્તમ તાપમાન સામાન્ય કરતાં 2.5 ડિગ્રી વધીને 40 ડિગ્રી નજીક પહોંચતાં સવારે 11 વાગ્યાથી જ તાપ અનુભવાયો હતો.

**N.P.\ આરતી ભટ્ટ**

---

## વિકાસ સપ્તાહની ઉજવણી

‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન અંતર્ગત કચ્છ જિલ્લામાં શહેર અને ગ્રામ્યકક્ષાએ દિવસે અને રાત્રિના સમયે સઘન સફાઇ કામગીરી કરવામાં આવી રહી છે.

માંડવી, ભુજ, ભચાઉ, નખત્રાણા, રાપર સહિતની નગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે દિવસ અને રાત્રિના સમયે શહેરમાં સઘન સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે. માંડવીમાં શાકમાર્કેટ, જાહેર રસ્તા, ચોક વગેરેની સફાઇ કામગીરી સાથે રાપરમાં સર્કલ, રસ્તા, શૌચાલય વગેરેની સફાઇ કામગીરી કરવામાં આવી હતી.

માહિતી ખાતુ

---

## પ્રાકૃતિક કૃષિ અભિયાન

ભુજમાં ટાઉનહોલ ખાતે ગઇકાલે યોજાયેલ જીનેટીકલી મોડીફાઇડ બીજ અને બીટી ટેકનોલોજીના ઘાતક દુષ્પરિણામો સામે જાગૃત થવા યોજાયેલ ખેડૂત સંમેલનમાં રાષ્ટ્રીય કક્ષાના વક્તાઓએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી.

આ સંમેલનમાં કૃષિ વૈજ્ઞાનિક પદ્મશ્રી સુમનબેન સહાયએ કહ્યું હતું કે, દેશી બીજના બદલે જો બીટી બીજો વાવશે તો ખેડૂતોની સાથે ઉપભોક્તા પણ પાયમાલ થઇ જશે. તેમણે દેશી બીજનું જતન કરી બહુસ્તરીય પાકો ઉગાડવા પર ભાર મૂક્યો હતો અને દેશી બીજનો મહત્તમ ઉપયોગ કરવા અપીલ કરી હતી.

**N.P.\ આરતી ભટ્ટ**

---------------------------------------------------------------------